# Aparajitha

# સફળતાનાં બીજ

## ત્રિમાસિક સમાચારપત્રક

## જાન્યુઆરી-માર્ચ-૨૦૧૯







தளிர்த் திறன் திட்டம்



# ૨૯

અંક

ખાનગી વિતરણ માટે

## વિગત પાના નં.

નમસ્તે! . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨

ગુજરાતમાં ટીમ ટીમ તારા અંગેશિક્ષકોની તાલીમનું સીધું પ્રસારણ . . . . . . . . . . . . . 3

અપરાજિથાની નવી વેબસાઈટ . . . . . . . 3

હરિયાણાના શિક્ષણ સચિવ દ્વારા 'ટીટીટી'ની પ્રશંસા . . . . . . . . . . . . . . . . . ૪

તામીલનાડુમાં 'થલિર થીરન થિત્તમ' (ટીટીટી) - મૂલ્યાંકન . . . . . . . . . . . . . . . ૫

પડઘા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૮

સ્વાગત . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૯

અપરાજિથા ફાઉન્ડેશન
૫એ, વી.પી. રાથિનસામી રોડ બીબી કુલમ,
મદુરાઈ -૬૨૫૦૦૨

૦૪૫૨- ૪૩૭૫૨૫૨

info@aparajitha.org

# નમસ્તે!

બાળપણના શરૂઆતના પગથિયામાં બાળક ઉંચેને ઉંચે તેના પિતાને પહોંચવાનો પ્રયત્ન કરે છે. તેમાં વિવિધ પગથિયામાં જેવુંકે ગબડવું, ઊંધાપડવું, અવાજકરવું, ચાલવું અને કુદવું એ બાબતો માંથી પસાર થાય છે. "ટીમ ટીમ તારા" તે આ વિશાળ પ્રગતિમાં અને ઉંચાઈએ પહોંચાડવા માટે છેલ્લા બે વર્ષથી તેમાં પસાર થઇ રહ્યા છે અને નવી નવી ઉચ્ચાઇએ પહોંચવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

શિક્ષકની તાલીમના સત્રો ટીમ ટીમ તારામાં, અરસ-પરસ વાતચીત તથા ઉપગ્રહ ટેકનોલોજી દ્વારા વિડિઓના માધ્યમે સમજાવાનો પ્રયત્ન કરી રહ્યા છે. હરિયાણા સરકારના શિક્ષણ સચિવે તેમની એક પ્રેસ રિલીઝમાં "ટીમ ટીમ તારા"ના કારણે આવેલ વિદ્યાર્થીમાં હકારાત્મક બદલાવ વિશે ઉલ્લેખ કરેલ છે.એક સંશોધન થયેલ છે જેમાં "થલિર થીરન થિત્તમ" કાર્યક્રમના કારણે વિદ્યાર્થીઓમાં વ્યવહારાત્મક બદલાવ પ્રદર્શિત થાય છે. આ અંક દ્વારા અમને તમારી સાથે આ વાતોની ચર્ચા કરવામાં ખુશી થાય છે. અમે તમને અપરાજિથા ફોઉન્ડેશનની નવી વેબસાઈટ ની મુલાકાત લેવા માટે આમંત્રણ આપીએ છીએ.

આ બધુ વાંચો

તમારા વિચારો અને લાગણીઓની આપ-લે કરો. આ વિશે તમારા શબ્દો મિત્રોમાં ફેલાવો.

અમે તમારા નિરંતર સહકાર અને સુચનોની રાહ જોઈશું .

**સંપાદકીય ટીમ**

"થલિર થીરન થિત્તમ" (ટીટીટી) ૭ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય અંગેના શિક્ષણ શિખવાની તક આપે છે. કે જે આધારિત છે ૧૦ જીવન કૌશલ્યનું લીસ્ટ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશન (WHO) કે જેમણે એવા પાઠોની રજૂઆત કરી છે કે જે બાળકોને ખુશનુમા વાતાવરણમાં શીખીને પોતાને સંકળાયેલ રાખી શકે. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે હેન્ડબુકનો ઉપયોગ કરવામાં આવે છે અને શિક્ષકો તેનો ઉપયોગ કરીને બાળકોને શીખવાડે છે જયારે હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓને ડીવીડી દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓને જવાબદાર બનાવવાનો છે. જે ૨૦૦૮-૨૦૦૯માં ૫ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શરુ કરવામાં આવ્યો હતો. ૨૦૦૯-૨૦૧૦ આગળ વધારવામાં આવ્યો હતો. તામિલનાડુમાં તામિલનાડુ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આને માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળોમાં ફેલાવવામાં આવ્યો હતો. પાછળથી તે પ્રાથમિક સરકારી શાળાઓ અને ખાનગી શાળાઓમાં પણ વધારો કરવામાં આવ્યો હતો, કે જે TTT ટીટીટી માં રસ ધરાવે છે. હાલમાં તે નવો કાર્યક્રમ ૬ રાજ્યોમાં ચાલે છે - **તામિલનાડુ, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને હરિયાણા.**

# ગુજરાતમાં ટીમ ટીમ તારા અંગે શિક્ષકોની તાલીમનું સીધું પ્રસારણ




ટીમ ટીમ તારા ગુજરાતમાં ૬ વર્ષથી પ્રાથમિક શાળાના બાળકો માટે કાર્યરત છે. અને આ આગળ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સુધી વિસ્તૃત થઈ રહ્યું છે. આને ધ્યાનમાં રાખીને "ટીમ ટીમ તારા"ના પાઠો દર બુધવારે ૯માં અને ૧૦માં ધોરણનાં વિદ્યાર્થીઓને અને દર ગુરૂવારે ૧૧ અને ૧૨ ધોરણનાં વિદ્યાર્થીઓને ઉપગ્રહ દ્વારા બતાવવામાં આવે છે. લગભગ ૮૦૦૦ શાળાઓના ૧૬,૦૦,૦૦૦ વિદ્યાર્થીઓને લાભ મળે છે.

ઉપગ્રહ દ્વારા પ્રસારિત થતા પાઠો ૩૧ ડિસેમ્બર,૨૦૧૮ ના શરૂ કરવામાં આવ્યાં. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણબોર્ડના ગુજરાતના પ્રમુખશ્રી એ.જે.શાહ, સંયુક્ત નિયામક ડાયરેક્ટર શ્રી બી.એન.રાજગોર તેઓએ આ ટેલી-દેખાવ વખતે જીવન કૌશલ્ય શિક્ષણની જરુરિયાત ઉપર ભાર મુક્યો હતો. ત્યારબાદ "ટીમ ટીમ તારા"ની શિક્ષક તાલીમ દરમિયાન લેકચર દ્વારા પીઅરશિક્ષણ તકનીક દર્શાવવામાં આવ્યું હતું.

## અપરાજિથાની નવી વેબસાઈટ

અપરાજિથા તેની અવિરત મુસાફરીમાં એક પછી એક સીમાચિહ્ન પાર કરી રહ્યું છે. વિશ્વભરમાં પોતાના યોગદાનનો પ્રચાર કરવા માટે એક વેબસાઇટ બનાવવામાં આવી છે. વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ જે જુદા-જુદા રાજ્યોમાં થાય છે તેને તરતો-તરત જ ત્યાં અપડેટ કરવામાં આવે છે. સફળ વાર્તાઓ અને વિદ્યાર્થીઓ અને અનુયાયીઓ તરફથી પ્રતિસાદ અને હિતેચ્છુઓ તરફથી સુચનો દરેક વસ્તુ www.aparajitha.org ત્યાંથી મળી શકે છે.

# હરિયાણાના શિક્ષણ સચિવ દ્વારા ટીટીટી ની પ્રશંસા

## प्रदेश के सरकारी स्कूलों में बच्चों के लिए खास पहल

# नैतिक शिक्षा का मंत्र देने के लिए चलेगी विशेष मुहिम

योगेंद्र शर्मा ▸▸ चंडीगढ़

सरकारी स्कूलों के बच्चों में नैतिक शिक्षा के साथ-साथ सही ढंग से जीवन यापन करने का मंत्र शुरुआत से डालने के लिए विशेष मुहिम चलाने की तैयारी है। जिसमें शिक्षा विभाग सामाजिक संगठन से मदद लेकर इस काम पर अमल कर रहा है। फिलहाल पांच जिलों में यह योजना चलाई जा रही है, जिसके बच्चों में सकारात्मक परिणाम सामने आए हैं। इस बात को ध्यान में रखते हुए हरियाणा स्कूल एजुकेशन विभाग के अतिरिक्त मुख्य सचिव पीके दास ने प्रदेश के सभी स्कूली बच्चों को इसका लाभ पहुंचाने व प्रदेशभर में लागू करने के निर्देश जारी किए हैं। उक्त कार्य में हरियाणा स्कूल एजूकेशन विभाग की मदद अपराजिता फाउंडेशन संस्था द्वारा की जा रही है। संस्था द्वारा बच्चों में नैतिक गुण पिरोने के उद्देश्य से विशेष मुहिम सबसे पहले अंबाला मंडल के पांच जिलों में चलाई जा रही है, जिस समय संस्था के साथ में एमओयू हुआ था, उस दौर में यह जिले मंडल में आते थे। अंबाला, पंचकूला और यमुनानगर, कुरुक्षेत्र, कैथल जैसे जिले आते हैं। इस संबंध में सहायक निदेशक एकेडिमक नंदकिशोर वर्मा और प्रोग्राम ऑफिसर प्रमोद ने बताया कि अपराजिता केरला की फाउंडेशन ने एक साल पहले कार्यक्रम की शुरुआत की थी। जिसे अंबाला मंडल के अलावा अप्रैल से पांच जिले और शामिल किए जाएंगे। तीसरे चरण में पांच जिले व चौथे चरण में पूरा प्रदेश कवर कर लिया जाएगा।

### साल भर में करोड़ों रुपये खर्च कर रही संस्था

संस्थान और कंपनी की ओर से 110 वीडियो के माध्यम से नैतिक शिक्षा की कहानियां, लाइफ स्किल, अनुशासन, सड़क नियमों का पालन, स्वच्छता की मुहिम, दयाभाव, धर्म, जीवों पेड़ पौधों की रक्षा, वाइल्ड लाइफ, पर्यावरण, पानी बचाने, ईमानदारी जैसे विषयों को शामिल किया गया है। पहले इन्हें प्रोजेक्टर और एजूसैट के माध्यम से बताया जाता है। बच्चों को यह दिखाने के बाद संस्था के मास्टर ट्रेनर जाते हैं, जो बच्चों के सवालों और शंकाओं को दूर करने का काम करते हैं। यह कार्यक्रम सातवीं से लेकर 12 वीं तक के बच्चों को जिंदगी में यह टिप्स दिए जा रहे हैं। पूरे प्रदेश में 1 से 12 वीं तक 21 लाख बच्चे हैं। प्राइमरी में लगभग साढ़े चौदह लाख बच्चे हैं, फिलहाल इसके नीचे के बच्चों को प्रशिक्षण का काम प्राइमरी शिक्षक ही करते हैं। शिक्षकों को ट्रेनिंग, बच्चों को प्रशिक्षण, अपने ट्रेनरों को ट्रेनिंग दी जाती है।

### बेहतर जीवन व नैतिक गुणों के लिए प्रयास



स्कूल एजुकेशन विभाग के एसीएस पीके दास ने कहा कि शिक्षा विभाग को दो दर्जन संस्थाएं बिना कोई पैसा लिए मदद करने का काम कर रही है। इसी क्रम में विभाग संस्था अपराजिता से सहयोग लेने का काम कर रही है। अभी पांच जिलों में चल रही है, जिसके परिणाम अच्छे आ रहे हैं, इसीलिए इसे धीरे-धीरे पूरे प्रदेश में लागू करने का काम किया जाएगा।

હરિયાણા સરકારના અધિક મુખ્ય સચિવ, શાળા શિક્ષણ ટીમ ટીમ તારાની ખુબજ પ્રશંસા કરી છે, શ્રી પી. કે. દાસ આઈ. એ. એસ આ કાર્યક્રમનું સમગ્ર રાજ્યમાં પ્રસારિત થાય તે માટેના હુકમ આપી દીધા છે. તેમના પ્રેસ રિલીઝ નિવેદનમાં તેમણે નીચે મુજબ જાહેર કરેલ છે.

હરિયાણા ના શિક્ષણ વિભાગ અને અપરાજિથા ફોઉન્ડેશને સાથે મળીને વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય શિક્ષણ આપવામાં આવે છે.

ખાસ કરીને કિશોરાવસ્થા શિક્ષણ કાર્યક્રમ ના ભાગરૂપે આ ફોઉન્ડેશનનાં પાઠો અંબાલા ડિવિઝનમાં એક વર્ષ થી ચાલુ કરવામાં આવ્યા છે. આના પરિણામરૂપે અમને અંબાલા, યમુના નગર,કુરૂક્ષેત્ર,પંચકુલા અને કૈથલ જિલ્લા ના વિદ્યાર્થીઓના વ્યવહાર અને વર્તનમાં તફાવત જોવા મળે છે.

પ્રોત્સાહક પરિણામોના કારણે અપરાજિથા સાથે એક સમજણપત્ર પર સહી કરવામાં આવી છે. આ સમજણપત્રના અનુસાર, જયારે એપ્રિલ ૨૦૧૯ માં કિશોરાવસ્થા શિક્ષણ કાર્યક્રમના ત્રીજા તબક્કાની શરુઆત થશે ત્યારે ત્યારે ટીમ ટીમ તારાને 5 જિલ્લાની શાળાઓમાં વધારવામાં આવશે. ચોથા તબક્કામાં બધા બાકી રહી ગયેલા જિલ્લાઓને આવરી લેવામાં આવશે જેનો હુકમ અત્યારે બહાર પાડી દેવામાં આવ્યો છે.

એમ. ઓ. યુ એ અપરાજિતાના નીચેના પ્રોત્સાહજનિક કાર્ય માટે સહી કરેલી છે. નવી કબુલાત પ્રમાણે જયારે ત્રીજો રાઉન્ડ પ્રૌઢ શિક્ષણના કાર્યક્રમ માટે એપ્રિલ-૨૦૧૯ માં ટીમ ટીમ તારા મારફતે પાંચ વધારે જિલ્લાની શાળાઓમાં વિસ્તૃત કરવામાં આવશે. આમા તેના ચોથા રોઉન્ડ હુકમો પ્રસારિત થઇ જશે.

# તામિલનાડુમાં 'થલિર થીરન થિત્તમ'(ટીટીટી)–મૂલ્યાંકન

"ટીમ ટીમ તારા"નું પાંચ રાજ્યોમાં અમલીકરણ થઈ રહ્યું છે - તામિલનાડુ, ગુજરાત, રાજસ્થાન, હરિયાણા અને મધ્યપ્રદેશમાં ત્રણ ભાષાઓમાં તામિલ, ગુજરાતી અને હિંદી; આ કાર્યક્રમના પરિણામ રૂપે વિદ્યાર્થીઓમાં કૌશલ્યવિકાસ અને વર્તનમાં બદલાવ વિશે વિદ્યાર્થીઓ અને શિક્ષકો પાસેથી નિયમિત રીતે પ્રતિભાવ લેવામાં આવે છે.

તામિલનાડુમાં વિશ્લેષણાત્મક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો અને પ્રાપ્ત શૈક્ષણિક પ્રતિભાવોના આધારે વિદ્યાર્થીઓના ફેરફારોની તપાસ કરવા અને તેમના મેળવેલ કૌશલ્યમાં સુધારણાના સ્તરની પણ સમીક્ષા કરવામાં આવી હતી. અભ્યાસ માટે ચાલુ શૈક્ષણિક વર્ષના ઑક્ટોબર થી ડિસેમ્બરના સમયગાળા દરમિયાન ૧૦ શાળામાંથી ૪૨૦ વિદ્યાર્થીઓને નમૂના તરીકે લેવામાં આવ્યા હતા.

નમૂના માટેની માહિતી મદુરાઈ, શીવગંગાઈ, ઈરોઈ, સાલેમ, તિરુવલ્લૂમ અને કાંચીપુરમ જિલ્લાની શાળાઓમાંથી એકત્રિત કરવામાં આવી હતી. તેમાંથી ૨૦% સરકારી શાળાઓ, ૫૦% સરકારી સાધનસંપૂર્ણ શાળાઓ અને ૨૦% સ્વનિર્ભરિત સ્વતંત્રશાળાઓ હતી. આમાં 30% કન્યાશાળાઓ, ૧૦% કુમાર શાળાઓ અને ૬૦% સહશિક્ષણ શાળાઓ હતી. 30% ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૭૦% શહેરી વિસ્તારમાંથી લેવામાં આવ્યા હતા. ૩૫% છોકરાઓ તરફથી અને ૬૫% છોકરીઓ તરફથી પ્રતિભાવ મળ્યા. આમાંથી ૩૮% ગ્રામ્યવિસ્તારની શાળાઓમાંથી અને ૬૨% શહેરી વિસ્તારની શાળાઓમાંથી હતા. ૧૨.૮% સરકારી શાળાઓ ૭૪.૭% સરકારી સાધન સંપૂર્ણશાળાઓ અને ૧૨.૫ % સ્વનિર્ભરિત સ્વતંત્ર શાળાઓ હતી.

**ટેબલ – ૧**
**જીવન કૌશલ્યની વિદ્યાર્થીઓ પર અસર**

| કૌશલ્ય | ટકા |
|---|---|
| મુલ્યો | ૨૮ |
| સ્વજાગૃત્તા | ૧૧ |
| વર્તણુક( શિષ્ટાચાર) | ૧૧ |
| આંતરિક વ્યક્તિત્વ કૌશલ્ય | ૧૦ |
| લાગણીઓને અંકુશમાં રાખવી | ૧૦ |
| વાતચીત / સંચાર | ૦૯ |
| બીજી બાબતો | ૨૧ |

મૂલ્યો પરના ઇનપુટ વિદ્યાર્થીઓ પર સૌથી મોટી અસર ધરાવે છે. ત્યારબાદ સ્વજાગૃત્તા અને શિષ્ટાચારને પાઠોને અનુસરે છે. ત્રીજુ સ્થાન આંતરવ્યક્તિત્વ કૌશલ્ય અને લાગણીઓ પર અંકુશ પાઠે લીધેલ છે. વાતચીત/ સંચારના પાઠનો સમાવેશ ચોથા સ્લોટમાં થયો છે. સમયવ્યવસ્થા, માનસિકતણાવ, તંદુરસ્તીઅનેઆરોગ્ય, જાતીયસમાનતા, સર્જનાત્મક વિચારસરણી , નિર્ણયશક્તિ, મીડિયાને સમજવું અને પર્યાવરણનું સંરક્ષણના પાઠોને યાદીમાં પાછલું સ્થાન મળેલ છે. એક સંભવિત કારણ એ છે કે ધોરણ ૯, ૧૦, ૧૧ અને ૧૨ના ખૂબ થોડા વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિસાદ આપવામાં આવ્યો હતો અને સર્જનાત્મક વિચારસરણી, નિર્ણયશક્તિ, મીડિયાને સમજવું અને પર્યાવરણનું સંરક્ષણ એ તેમના કાર્યક્રમનો ભાગ છે.

**ટેબલ-૨**
**જીવન કૌશલ્યની શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ પર અસર**

| કૌશલ્ય | ટકા |
|---|---|
| મુલ્યો | ૨૫ |
| લાગણીઓને અંકુશમાં રાખવી | ૧૫ |
| સ્વજાગૃત્તા | ૧૪ |
| વર્તણુક( શિષ્ટાચાર) | ૧૩ |
| આંતરિક વ્યક્તિત્વ કૌશલ્ય | ૦૯ |
| બીજી બાબતો | ૨૪ |

**ટેબલ-૩**
**જીવન કૌશલ્યની ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પર અસર**

| કૌશલ્ય | ટકા |
|---|---|
| મુલ્યો | ૩૫ |
| આંતરિક વ્યક્તિત્વ કૌશલ્ય | ૧૪ |
| વાતચીત / સંચાર | ૧૩ |
| શિષ્ટાચાર | ૧૧ |
| સમય વ્યવસ્થા | ૦૯ |
| બીજી બાબતો | ૧૮ |

શાળાઓના વિસ્તારનું નિરીક્ષણ કરતા પાયાની બાબતો જાણવા મળી છે કે, મુલ્યોના પાઠોની ગ્રામ્ય વિસ્તારમાં કે શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર ભારે અસર પડે છે. બીજી બાબતએ આવે છે લાગણીઓને અંકુશમાં રાખવી, આ પાઠ શહેરી વિદ્યાર્થીઓ પર અને આંતરિકવ્યક્તિત્વ કૌશલ્ય ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પર અસર પડે છે. ત્રીજુ સ્થાન વાતચીત / સંચાર પાઠ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે અને સ્વજાગૃત્તા શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ માટે આવે છે. શિષ્ટાચારના પાઠ ગ્રામ્ય અને શહેરી બન્ને વિદ્યાર્થીઓ માટે ચોથા સ્થાને આવે છે. સમય વ્યવસ્થા ગ્રામ્ય વિદ્યાર્થીઓ માટે અને આંતરિકવ્યક્તિત્વ કૌશલ્ય શહેરી વિદ્યાર્થીઓ માટે પાંચમા સ્થાને આવે છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે સ્વજાગૃત્તાના પાઠો માનસિક તણાવનો સામનો કરવો, લાગણીઓને અંકુશમાં રાખવી ૬,૭, અને ૮ સ્થાન પર આવે છે જયારે સમય વ્યવસ્થા, વાતચીત અને માનસિક તણાવનો સામનો કરવો શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ માટે આજ સ્થાન પર આવે છે.

ટેબલ-૪
જીવન કૌશલ્યની છોકરાઓ પર અસર

| કૌશલ્ય | ટકા |
|---|---|
| મુલ્યો | ૩૭ |
| સમય વ્યવસ્થા | ૧૨ |
| સ્વજાગૃત્તા | ૧૧ |
| આંતરિક વ્યક્તિત્વ કૌશલ્ય | ૧૧ |
| શિષ્ટાચાર | ૧૧ |
| બીજી બાબતો | ૧૮ |

ટેબલ-૪
જીવન કૌશલ્યની છોકરીઓ પર અસર

| કૌશલ્ય | ટકા |
|---|---|
| મુલ્યો | ૩૩ |
| વાતચીત / સંચાર | ૧૬ |
| આંતરિક વ્યક્તિત્વ કૌશલ્ય | ૧૫ |
| શિષ્ટાચાર | ૧૦ |
| માનસિક તણાવનો સામનો કરવો | ૦૭ |
| બીજી બાબતો | ૧૯ |

લિંગ / જાતિના આધારે નિરીક્ષણ કરતાં મુલ્યોના પાઠોની અસર બંને છોકરા અને છોકરીઓ પર જબરજસ્ત અસર થઈ છે. છોકરાઓના દ્રષ્ટિકોણથી સમયવ્યવસ્થા બીજાસ્થાને, સ્વજાગૃત્તા આંતરિક વ્યક્તિત્વ કૌશલ્ય અને શિષ્ટચાર ત્રીજા સ્થાને આવે છે. હેતુ સિદ્ધ ચોથા સ્થાને આવે છે, લાગણીઓને અંકુશમાં રાખવી પાંચમા સ્થાને આવે છે. જયારે બીજી બાબતે છોકરીઓના મતે વાતચીતના પાઠો બીજા સ્થાને આંતરિક વ્યક્તિત્વ ત્રીજા સ્થાને શિષ્ટાચાર ચોથા સ્થાને માનસિક તણાવનો સામનો કરવો પાંચમા સ્થાને આવે છે.

અહીંયા એ બાબત સ્પષ્ટ દેખાય છે કે જાતિ અને વિસ્તાર ગમે તે હોય પરંતુ મુલ્યોની અસર મોટા ભાગના વિદ્યાર્થીઓ પર શ્રેષ્ઠ પડે છે. તે પછી આવે છે શિષ્ટાચારના પાઠ, આંતરિક વ્યક્તિત્વ કૌશલ્ય અને સ્વજાગૃતત્તા બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા સ્થાને આવે છે. બીજા વિષયોના પાઠો છેલ્લો સ્થાન મેળવે છે. જો કે તેમાંના કેટલાક માટે  વિસ્તાર અને જાતિ પ્રમાણે પ્રાથમિકતામાં  ફેરફાર થઇ શકે છે. તેના કારણો નીચે પ્રમાણે હોય શકે છે.

•પુરતું કૌશલ્ય અને મુલ્યો બંને જગ્યાએ ઘરે અને શાળામાં બાળકો પર વધારે અસર કરે છે. દા.ત. સહાનુભુતિની અસર, શિષ્ટાચાર, પર્યાવરણીય સંરક્ષણ અને મીડિયાની સમજદારી બંને જગ્યાએ ઘરે અને શાળાએ અસર ઉપજાવે છે.

•વિદ્યાર્થીઓને લાગતા હતા જે તેમના માટે આવશ્યક હતા જેવા કે સ્વજાગૃત્તા, માનસિક તણાવનો સામનો કરવો, લાગણીઓને અંકુશમાં રાખવી, હેતુ સિદ્ધિ અને જાતીય સમાનતા તેમના રોજ-બરોજના અનુભવ પર આધારિત, પ્રાધન્યતા ધરાવતા હતા.

•એવું લાગે છે કે સર્જનાત્મક વિચારસરણી, નિર્ણાયક વિચારસરણી, નિર્ણય લેવા અને સમસ્યાનું નિરાકરણ કરવું ની મહત્વતાનું આંતરિકકરણ કર્યું નથી. તેથી આ મુદ્દાઓ પરના પાઠોની અસર અપેક્ષા કરતાં ઓછી છે.

# પડઘા

આ ભગીરથ કાર્યને પહોંચી વળવા માટે તમને અભિનંદન (જેમાં ૫૩,૦૦,૦૦૦ લાખ વિદ્યાર્થીઓ ને લાભ મળયો છે) હું ટી ટી ટી ફેલાવા થી આશ્ચર્યમાં છું, તમારી મહેનત અને નિષ્ઠા ની પ્રસંશા કરું છું. હું આશા રાખું છું અને ઈચ્છું છું કે તમે શક્ય હોય તેટલાં વધારે ને વધારે વિદ્યાર્થીઓ સુધી પહોંચી શકો. તમને ખૂબ જ શુભકામનાઓ.

*ગોવથમ*
*યુ.એસ.એ*

વાહ,,,ટીટીટી અદભુત કાર્ય કરે છે. મિસ.શ્વેતા જેમને વિદ્યાર્થીમાંથી શિક્ષકમાં પરિવર્તિત થતા જોઈને ખુશી થાય છે. આવી ઘણી બધી શ્વેતાએ ઉભા થવાની જરૂર છે. ટીટીટી પાંચ રાજ્યોમાંથી ભારતના બધાં રાજ્યોમાં અને બધાં ખંડોમાં પહોંચશે. મારી શુભેચ્છા.

*ડેનિયલ સેલ્વારાજ*
*ઓડિટર -મદુરાઈ*

“ટીમ ટીમ તારા” અમારા બધા માટે ખુબજ સરસ અને પ્રેરણારૂપ છે.

*કે. કમલરાજન*
*એન્ટર પ્રિનર-મદુરાઈ*

“ટીમ ટીમ તારા”ની અદ્દભુત સિદ્ધિ જોઈને આનંદ થયો.

*શ્યામ સુંદર*
*ડેવલોપમેન્ટ કન્સલ્ટન્ટ*

કેટલો અદભુત વિચાર કે જે કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને સ્વયંસેવક બનાવે છે "હું નેતા છું" કાર્યક્રમ દ્વારા. તમને સલામ! મને આશા છે કે આ જાતિ ઝડપથી વધશે અને વધારે સંખ્યામાં સ્વયંસેવકો ઉભા કરશે અને અદ્દભુત સંખ્યામાં વધારે લાભાર્થીઓ આપશે.

તમારું સારું કાર્ય ચાલુ રાખજો! તમારું નવું કાર્ય પ્રભાવશાળી લાગે છે!!!

*એન.એનારાનાયણ*
*હ્યુમન રિસોર્સ ટ્રેનર-મદુરાઈ*

આ સમાચારપત્ર ટીટીટીનું અદ્દભુત પ્રગતિ દર્શાવે છે. તે વિદ્યાર્થીઓ માટે વધારે જરૂરી છે. કારણકે આ તબક્કામાં, આજના યાંત્રિક જીવનમાં, કુટુંબની આર્થિક સ્થિતિ સુધારવા બન્ને માતા અને પિતા કામ પર જાય છે, તો આપણું ટીટીટી વિદ્યાર્થીઓને સારી વસ્તુઓ શિખવાડે છે અને તેમને સારા માર્ગ પર દોરે છે.

*સુગુમાર એચ*
*બિઝનેસમેનેજર,અપરાજિથા-બેગલુરૂ*

# સ્વાગત

શ્રીમતિ રૂનમ કૌશિક, શ્રી ભરત ભુંસણ અને શ્રી દિનેશ વ્યાસને ખુશી થી બોર્ડના સભ્ય તરીકે જોડાવવા માટે આવકારીએ છે, જે વિદ્યાર્થીઓમાં 'જાગૃત્તા દ્વારા રૂપાંતરિત બદલાવ' લાવવા માટે અમારી સાથે જોડાયા છે.

શ્રીમતિ રૂનમ કૌશિક તેમની શૈક્ષણિક સિદ્ધિઓ અને વિશાળ અનુભવ અમારા માટે લાવ્યાં છે. તેમના શબ્દોમાં "બાળકોના હક્ક માટે કામ કરવું, બાળ કલ્યાણ સમિતિના સભ્ય તરીકે શિમલા જિલ્લામાં વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૭ સુધી કામ કરેલ. તે પહેલા વિવિધ સંસ્થો સાથે કામ કરેલ છે અને હાલમાં રિસોર્સ પર્સન અને લોકોમાં સંવેદનશીલતા લાવવા માટે સલાહકાર તરીકે કામ કરે છે અને બાળ અધિકારોના મુદ્દા પર કામ કરે છે". અમને વિશ્વાસ છે કે તેઓ અમારી ટીમમાં શ્રેષ્ઠ કાર્યકરીને તેમનો શ્રેષ્ઠ ફાળો આપશે. તેઓ હિમાચલ પ્રદેશની ટીમનું નેતૃત્વ કરશે.

શ્રી ભરત ભુષણ અમારી "હરિયાણા ટીમમાં સાથે એક વર્ષથી જોડાયેલ છે. હવે તેઓ હરિયાણામાં ટીમનું નેતૃત્વ કરશે. તેઓ એક 'માસ્ટર ટ્રેનર' તરીકે હરિયાણાના શૈક્ષણિક વિભાગમાં છે અને તેમને વિશાળ અનુભવ છે. તે વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા મોટાભાગના તાલીમ કાર્યક્રમો ચલાવે છે. તેમણે ઘણી સિદ્ધિઓ હાસલ કરી છે. "માસ્ટર્સ પંજાબીમાં, એમ ફીલ અને બી.એડ" કરેલું છે. અમને ખાતરી છે કે તેમની ટીમના પ્રતિબદ્ધ કામ અને ટેકા સાથે તેઓ હરિયાણાને ઉંચાઈ પર લઈ જશે. તાજેતરમાં હરિયાણાને સીધા પ્રસારણમાં આવરી લેવામાં આવ્યું છે, આ પ્રથમ રાજ્ય છે જે અમારા કાર્યક્રમનું સીધું પ્રસારણ કરે છે.

શ્રી દિનેશ વ્યાસ ખેરવાલા મોડેલ સ્કુલના નિવૃત આચાર્ય છે. તેમનો શિક્ષણમાં વિશાળ અનુભવો છે. તેમણે ટીટીટીનો બે અઠવાડિયાનો પાયલોટ પ્રોગ્રામ શરુ કર્યો હતો અને તેના ફળ સ્વરૂપે રાજસ્થાનમાં ટીટીટીને શરુ કરવામાં તાત્કાલિક મંજૂરી મેળવવામાં સક્ષમ થયા હતા. પ્રથમ "પીઅર લર્નીંગ" કાર્યક્રમ તેમની શાળામાં તેમના સમયગાળા દરમ્યાન કરવામાં આવ્યો હતો. શ્રી વ્યાસ એક રોટરીઅન છે અને તે સામાજિક કાર્યમાં ખુબજ જોડાયેલા છે. અમને એ બાબતે કોઈ શંકા નથી કે તેઓ આવનાર વર્ષોમાં મુખ્યભાગ ભજવી શકશે.